**STP**

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name Of The Post** | **State Tax Inspector, Class-III** |
| **Advertisement No** | **80/2018-19** |
| **Preliminary Test Held On** | **09-06-2019** |
| **Que. No.** | **001-200** |
| **Publish Date** | **13-06-2019** |
| **Last Date To Send Suggestion (S)** | **20-06-2019** |

# Note:-

**(1) All Suggestionsare to be sent with reference to website publishedQuestion paper with Provisional Answer Key Only.**

**(2) All Suggestions are to be sent in the given format only.**

**(3) Candidate must ensure the above compliance.**

(૧) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો ઉપયોગ કરવો.

(૨) ઉમેદવારોએ પોતાને પરીક્ષામાં મળેલ સીરીઝની પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્ન ક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા

(3) ઉમેદવારોએ ઉક્ત સૂચનાનું અચૂક પાલન કરવું અન્યથા વાંધા-સૂચનો અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહી.

001. મૌર્યયુગના સમયમાં સમાજને સાત વર્ગમાં વહેંચ્યાનો ઉલ્લેખ .......... માં છે.

(A) પુરાણો
(B) મેગેસ્થનિસની ઈન્ડિકા
(C) કૌટિલ્યનું અર્થશાસ્ત્ર
(D) અશોકની રાજાજ્ઞા (શિલાલેખ)

002. ''માઈનોર હિન્ટ્સ'' (Minor Hints) .......... દ્વારા લખાયેલું છે.

(A) રાજા સર ટી. માધવ રાવ
(B) સ્ટેનલી રાઈસ
(C) જી. એચ. દેસાઈ
(D) હરિપ્રસાદ શાસ્ત્રી

003. 1942ની 'ભારત છોડો' ચળવળને 'અહિંસક છાપામાર યુદ્ધ' (Non-violent guerrilla warfare) કોણે કહ્યું ?

(A) જયપ્રકાશ નારાયણ
(B) અરુણા આસફ અલી
(C) રાજગોપાલાચારી
(D) સુભાષચંદ્ર બોઝ

004. પંચમહાલમાં બ્રિટિશ વિરૂધ્ધ 'નાયકદાસ આદિવાસી ચળવળ' કોના નેતૃત્વમાં થઈ ?

(A) રૂપસિંઘ
(B) બુદ્ધો ભગત
(C) જાફરા ભગત
(D) ગોવિંદ ગુરુ

005. 'ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયા એક્ટ, 1935'ને કોણે 'નવું ગુલામીખત' (New charter of slavery) કહ્યું ?

(A) સરદાર પટેલ
(B) મહંમદ અલી ઝીણા
(C) મોતીલાલ નહેરુ
(D) જવાહરલાલ નહેરુ

006. ઈંગ્લિશ 'ઇસ્ટ ઈન્ડિયા કંપની'એ બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દિવાની કોની પાસેથી લઈ લીધી ?

(A) મીર જાફર
(B) શાહ આલમ બીજો
(C) મીર કાસિમ
(D) સિરાજ-ઉદ્-દૌલા

007. નીચેના પૈકી કોના રાજ્યકાળ દરમિયાન ચીની યાત્રી હ્યુ એન ત્સાંગે પલ્લવ સામ્રાજ્યની મુલાકાત લીધી હતી ?

(A) મહેન્દ્રવર્મન-I
(B) નરસિંહવર્મન-I
(C) શિવસ્કંદવર્મન
(D) સિંહરિષ્ન

008. 'ભુક્તિ' શબ્દ .......... સૂચવે છે.

(A) પ્રાંત
(B) જિલ્લો
(C) ગ્રામસમૂહ
(D) પરગણું

009. સંસ્કૃત ભાષા અને યુરોપની કેટલીક મુખ્ય ભાષાઓ વચ્ચેની સામ્યતાઓ શોધી કાઢનાર પ્રથમ યુરોપિયન કોણ હતો ?

(A) ફિલિપ્પો સાસેટી
(B) સર વિલિયમ જોન્સ
(C) પ્રો. મેક્સ મૂલર
(D) પેંકા

010. રાજ્યોના પુનર્ગઠનના આયોગમાં નીચેના પૈકીના કયા સભ્યો હતા ?

1. ફઝલ અલી
2. હૃદયનાથ કુન્જરું
3. કે. એમ. પાનીકર
4. ગોવિંદ વલ્લભ પંત

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 4
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

011. આંદામાન અને નિકોબાર ટાપુઓ કબજે કરી લીધા પછી જાપાને તે સુભાષચંદ્ર બોઝને સોંપી દીધા જેમણે તેનાં નામ ......... આપ્યાં .

(A) શહીદ અને સ્વરાજ્ય
(B) શાંતિ અને સુખ
(C) દેશપ્રેમ અને દેશહિત
(D) ક્રાન્તિ અને કમળ

012. ''અસ્પૃશ્યતા જીવશે તો હિન્દુત્વ મરી જશે અને હિન્દુત્વને જીવતું રાખવું હશે તો અસ્પૃશ્યતાએ મરવું જ પડશે.'' – આવું કોણે કહ્યું ?

(A) બી. આર. આમ્બેડકર
(B) ગાંધીજી
(C) ઠક્કરબાપા
(D) કિશોરીલાલ મશરૂવાળા

013. ''નાગરિક સ્વતંત્રતા એ રાજકીય અને સામાજિક જીવનનો પ્રાણ છે, સ્વતંત્રતાનો પાયો છે અને જીવનનું સત્ત્વ છે.'' આવું કોણે કહ્યું ?

(A) જવાહરલાલ નહેરુ
(B) જે. બી. કૃપલાણી
(C) ડૉ. રાજેન્દ્રપ્રસાદ
(D) ગાંધીજી

014. નીચેના પૈકી કયું જોડકું ખોટું છે ?

(A) શિવનારાયણ (સત્યાવંદ) અગ્નિહોત્રી - દેવ સમાજ
(B) જી. જી. આગરકર - ડેક્કન એજ્યુકેશન સોસાયટી
(C) એમ. જી. રાનડે - ઈન્ડિયન નેશનલ સોશિયલ કોન્ફરન્સ
(D) જી. કે. ગોખલે - પૂના સેવા સદન

015. સ્વામી સહજાનંદની સમાજસુધારણા પ્રવૃત્તિઓથી નીચેના પૈકી કયા બ્રિટિશ અધિકારીઓ પ્રભાવિત થયા હતા ?

1. એ. કે. હેરોન (ખેડા જિલ્લો)
2. કર્નલ વૉકર (વડોદરા ખાતેના બ્રિટિશ રેસિડેન્ટ)
3. એન્ડરસન (સુરતના કલેક્ટર)
4. જ્હૉન માલકોમ (મુંબઈના ગવર્નર)

(A) ફક્ત 2 અને 4
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

016. 1857 ના સંગ્રામના મુખ્ય નેતા મૌલવી લિયાકતખાનને અલાહાબાદમાં કયા નવાબ દ્વારા આશ્રય આપવામાં આવ્યો હતો ?

(A) ખંભાત
(B) સચિન
(C) રાધનપુર
(D) પાલનપુર

017. નીચેનાં પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

I. સોથી - સિસવલ સભ્યતા એ હરપ્પન સંસ્કૃતિનાં પુરોગામી છે.
II. સોથી રાજસ્થાનમાં આવેલું છે અને સિસવલ હરિયાણામાં.
III. સોથી અને સિસવલ બંને રાજસ્થાનમાં આવેલાં છે.

(A) ફક્ત I
(B) ફક્ત I અને II
(C) ફક્ત I અને III
(D) ફક્ત III

018. ઋગ્વેદના સંદર્ભે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

I. એની રચના મહદઅંશે સપ્તસિંધુ પ્રદેશમાં થઈ હતી.

II. એ 10 મંડલમાં વિભાજિત છે.

III. એ આઠ અષ્ટકમાં વિભાજિત છે.

IV. કહેવાતા પારિવારિક મંડલો, મંડલ 2 થી 7, સૌથી જૂના ગણાય છે.

(A) ફક્ત I અને II (B) ફક્ત I અને III (C) ફક્ત I, II અને IV (D) I, II, III અને IV

019. ગુજરાતના સુલતાનો દ્વારા પોર્ટુગીઝને નીચે પૈકીનો કયો પ્રદેશ સુપરત કરવામાં આવ્યો ન હતો ?

(A) દમણ (B) ઘોઘા (C) સેલસેટ (D) વસઈની ખાડી

020. ગુજરાતી ભાષાનો વૈશ્વિક સ્તરનો શબ્દકોશ : ભગવદ્ગોમંડલ .......... રાજ્યના રાજાના માર્ગદર્શન નીચે તૈયાર થયો હતો.

(A) ભાવનગર (B) ગોંડલ (C) લાઠી (D) પોરબંદર

021. સતગુર નૂરની ગાદી ......... માં આવેલી છે.

(A) ખંભાત (B) નવસારી (C) પિરાણા (D) પાટણ

022. મહમૂદ બેગડાના મુખ્ય મંત્રી તરીકે .......... હિન્દુ બ્રાહ્મણ હતો, જે પોર્ટુગીઝનો પણ ખાસ મિત્ર હતો.

(A) મલિક ગોપી (B) રાજ ગોપી (C) શિવ ગોપી (D) કર્ણ ગોપી

023. ગુજરાતમાં ચૌલુક્ય વંશનો સ્થાપક .......... હતો.

(A) મૂળરાજ (B) સિદ્ધરાજ જયસિંહ

(C) અજયપાળ (D) કુમારપાળ

024. લૉર્ડ ડેલહાઉસી દ્વારા નીચે જણાવેલા દેશી રજવાડાંઓનાં જોડાણનો કાળક્રમ દર્શાવો.

(A) ઔધ, સતારા, સંભલપુર (B) ઔધ, સંભલપુર, સતારા

(C) સતારા, સંભલપુર, ઔધ (D) સતારા, ઔધ, સંભલપુર

025. મૌર્યોની મંત્રીપરિષદમાં કોષાધ્યક્ષ કોણ હતો ?

(A) સોમહર્તા (B) સન્નિદાતા (C) રાજુકા (D) કર્માંતિકા

026. ગુજરાત નીચેના પૈકી કયા લોકસાહિત્યકારને ઈ.સ. 2019નો પદ્મશ્રી ઍવૉર્ડ મળ્યો છે ?

(A) ભગવાનદાસ પટેલ (B) નિરંજન ગુરુ (C) નાથાલાલ ગોહેલ (D) જોરાવરસિંહ જાદવ

027. ''વર્ણના ધર્મને કર્મ કરવાં ટળયાં, મર્મ જાણ્યો ત્યારે ભર્મ ભાગ્યો'' – આ પંક્તિઓના કવિનું નામ જણાવો.

(A) નરસિંહ મહેતા (B) મીરાંબાઈ (C) દયારામ (D) અખો ભગત

028. તેનાલી રામકૃષ્ણ મૂળ કઈ ભાષાના કવિ હતા ?

(A) તેલુગુ (B) મરાઠી (C) તમિળ (D) બંગાળી

029. મૂળ સોમનાથ મંદિર કયા પ્રકારનું મંદિર હતું ?

(A) દ્વિકૂટાચલ (B) એકકૂટાચલ (C) ચતુષ્કૂટાચલ (D) ત્રિકૂટાચલ

030. સાસુ અને વહુના દેરા જાણીતા મંદિરો નીચેના પૈકી કયા સ્થળે આવેલાં છે ?

(A) ખંભાત (B) કાવી (C) માંડવી (D) શેત્રુંજય

031. ''સૂર્યધન'' એ .......... નો પ્રકાર છે.

(A) ખાંભી (B) વાજિંત્ર (C) લોકનૃત્ય (D) તલવારબાજી

032. ''જિગર અને અમી'' ફિલ્મમાં સંજીવકુમાર સાથે ''અમી''ની ભૂમિકામાં કયાં અભિનેત્રી હતાં ?

(A) નિરુપા રોય (B) અરૂણા ઈરાની (C) કાનન કૌશલ (D) સ્નેહલતા

033. ભારતીય સ્થાપત્યમાં ''આમલક''ની રચના ક્યાં કરવામાં આવે છે ?

(A) મંડોવરમાં (B) અંતરાલમાં (C) શિખર ઉપર (D) પીઠ ઉપર

034. મોઢેરા અને કોણાર્કના સૂર્યમંદિરો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. કોણાર્કનું સૂર્યમંદિર રાજા નરસિંહદેવ પહેલોના શાસનકાળ દરમ્યાન નિર્મિત થયું.
2. મોઢેરાનું સૂર્યમંદિર નાગર શૈલીમાં બનેલું છે.
3. બંને સૂર્યમંદિરો 13મી સદીમાં બનેલાં છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2, અને 3

035. ''હિન્દુસ્થાન મધ્યેનું એક ઝૂંપડું''ના લેખકનું નામ જણાવો.

(A) ગોવર્ધનરામ (B) રમણભાઈ નીલકંઠ

(C) મહાત્મા ગાંધી (D) સોરાબશા દાદાભાઈ

036. ગુજરાતમાં ''શારદા'' માસિક દ્વારા કોણે લોકકથાઓ આપી ?

(A) પુષ્કર ચંદરવાકર (B) ખોડીદાસ પરમાર

(C) ઝવેરચંદ મેઘાણી (D) ગોકુળદાસ રાયચુરા

037. જોડકાં જોડો.

| <u>મેળો</u> | <u>સ્થળ</u> |
|---|---|
| a. ભાંગુરિયો | 1. અંબાજી |
| b. ગોળ-ગધેડા | 2. વાંસકૂઈ/મહુવા, સુરત |
| c. ગોળ-ઘોડી | 3. દાહોદ |
| d. કાળીયાભૂત | 4. કવાંટ |

(A) a - 1, b - 2, c - 3, d - 4 (B) a - 1, b - 2, c - 4, d - 3

(C) a - 4, b - 3, c - 2, d - 1 (D) a - 4, b - 3, c - 1, d - 2



https://www.freshersnow.com/previous-year-question-papers/

038. ‘‘સુરંદો’’ ગુજરાતના કયા પ્રદેશનું લોકવાદ્ય છે ?

(A) ઝાલાવાડ (B) કાઠીયાવાડ (C) કચ્છ (D) હાલાર

039. ‘‘ઓળીપો’’ કયા પ્રકારની કલા છે ?

(A) ભીત્તીચિત્ર (B) નખ રંગવાની
(C) વસ્ત્ર રંગવાની (D) કેશગૂંફનની

040. નીચેના પૈકી પ્રથમ ચારણ કવયિત્રીનું નામ જણાવો.

(A) ઊજળી (B) પુતળીબાઈ (C) ઉમા (D) જેસલ

041. ‘‘છાઉં’’ - એ કયા પ્રકારની લોકકલા છે ?

(A) લોકનૃત્ય (B) શાસ્ત્રીય નૃત્ય (C) સમૂહગાન (D) લોકનાટ્ય

042. ......... માળવાના સુલતાન યુગલનું સંગીતક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન છે.

(A) ધ્રુપદ ગાયકી (B) ચતરંગ (C) સિતારની શોધ (D) વાજિંત્ર શોધ

043. ‘‘મન મથુરા, દિલ દ્વારિકા, કાયા કાશી જાન, દસો દ્વાર કા દેહરા, તામે જ્યોતિ પિછાન’’ - પંક્તિઓના કવિનું નામ જણાવો.

(A) મીરાંબાઈ (B) જ્ઞાનેશ્વર (C) રામાનંદ (D) કબીર

044. ગુજરાતમાં નીચેના પૈકી કયા સ્થળોએ ગરમ પાણીના કુંડ આવેલાં છે ?

1. ઉનાઈ 2. તુલસીશ્યામ 3. લસુંદ્રા

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

045. તૂર નૃત્ય કયા વિસ્તારનું લોકનૃત્ય છે ?

(A) પંચમહાલ આદિવાસી (B) ખારાપટ આદિવાસી
(C) હળપતિ આદિવાસી (D) છોટાઉદેપુર રાઠવા

046. વડનગરમાં પ્રતિવર્ષ આયોજિત સંગીત મહોત્સવ સાથે જોડાયેલ તાનારીરી કોણ હતાં ?

(A) તાનસેનની પુત્રીઓ (B) બૈજુની પુત્રીઓ
(C) શર્મિષ્ઠાની પુત્રીઓ (D) સૂરદાસની પુત્રીઓ

047. કાઠીઓ નીચેના પૈકી કોની પૂજા કરે છે ?

(A) ઊંટ (B) અશ્વ (C) કૂકડો (D) હરણાં

048. ત્રિફળા વન ક્યાં આવેલું છે ?

(A) સાગબારા (B) અકેલબારા
(C) અમીરગઢ (D) સાપુતારા



https://www.freshersnow.com/previous-year-question-papers/

049. મુઘલકાળમાં "રૂવાબ" નીચેના પૈકી કોને કહેવાતું હતું ?

(A) વાજિંત્ર (B) ચિત્રશૈલી (C) ધાર્મિક ગ્રંથ (D) પડદાપ્રથા

050. ગુજરાત રાજ્યની રચનાકાળે (1960) કયા જાણીતા કવિએ "ગુજરાત સ્તવનો" - કાવ્યરચના ગુજરાતને સમર્પિત કરી હતી ?

(A) ઉમાશંકર જોશી (B) રમણલાલ જોશી

(C) પન્નાલાલ પટેલ (D) ઉશનસ્

051. 2018-19 ની ઋતુના તમામ ખરીફ પાકોના લઘુત્તમ ટેકાના ભાવ વધારવા માટે આર્થિક બાબતો માટેની કેબીનેટ સમિતિએ નિર્ણય કર્યો. તેમણે ટેકાના લઘુત્તમ ભાવ (MSP) માટે ઉત્પાદન કિંમતની કેટલી ટકાવારીની ફોર્મ્યૂલા અપનાવી ?

(A) 50% (B) 100% (C) 125% (D) 150%

052. જાહેર સાહસોના 2017-18 ના સર્વેક્ષણ મુજબ મહત્તમ નફો કરનારી અને નુકસાન કરનારા સાહસો અનુક્રમે .......... અને ......... છે.

(A) ONGC અને BSNL (B) Indian Oil Corporation અને BSNL

(C) Indian Oil Corporation અને Air India (D) ONGC અને Air India

053. 'પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના' અંતર્ગત બાગાયત / વ્યાપારિક પાકો માટે મહત્તમ પ્રિમિયમના કેટલા ટકા ખેડૂતોએ ચૂકવવાના હોય છે ?

(A) 5% (B) 3% (C) 2.5% (D) 1.5%

054. કઈ સંસ્થા / મંત્રાલય દ્વારા 'ગ્રાન્ડ ઈનોવેશન ચેલેંજ' (Grand Innovation Challenge) શરૂ કરવામાં આવ્યું ?

(A) મિનિસ્ટ્રી ઑફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી

(B) NITI આયોગ

(C) મિનિસ્ટ્રી ઑફ સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશીપ

(D) નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન

055. 2018-19 ના બજેટ પ્રવચનમાં ઉલ્લેખિત 'ઓપરેશન ગ્રીન' .......... ના સંદર્ભે છે.

(A) ટામેટાં, ડુંગળી અને બટાકા (B) કેરી, દ્રાક્ષ અને કેળાં

(C) ચોખા, ચણા અને ઘઉં (D) બાગાયત પ્રોત્સાહન

056. કરવેરા લાદવાને કારણે વધતી બેરોજગારીને .......... કહેવાય છે.

(A) કરનો નાણા બોજો (Money burden of tax)

(B) કર ભારણ (Incidence of tax)

(C) કરનો ખરેખર બોજો (Real burden of tax)

(D) કરનો પરોક્ષ નાણા બોજો (Indirect money burden of tax)



https://www.freshersnow.com/previous-year-question-papers/

057. સરદાર સરોવર નર્મદા નિગમ લી. બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. સરદાર સરોવર પ્રોજેક્ટ ગુજરાતના 15 જિલ્લાઓમાં 73 તાલુકાઓના 3112 ગામડાઓમાં સિંચાઈની સુવિધાઓ પૂરી પાડશે.
2. બે વીજમથકો, રીવરબેડ પાવર હાઉસ અને કેનાલ હેડ પાવર હાઉસ, અનુક્રમે 1200 MV અને 250 MV ની ક્ષમતા (Installed capacity) ધરાવે છે.
3. તે રાજસ્થાનમાં બાડમેર અને ઝાલોરના વ્યુહાત્મક રણ જિલ્લાઓની 2,46,000 હેક્ટર જમીનને પણ સિંચાઈ પૂરી પાડશે.
4. ઊર્જાની ત્રણ રાજ્યોમાં - મધ્યપ્રદેશ (17%), મહારાષ્ટ્ર (27%) અને ગુજરાત (56%) - વહેંચણી થશે.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

058. ડિસઈન્વેસ્ટમેન્ટ (વિનિવેશ) વિભાગનું નવું નામ .......... છે.

(A) NITI આયોગ
(B) ડિપાર્ટમેન્ટ ઑફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ
(C) ડિપાર્ટમેન્ટ ઑફ ઈન્વેસ્ટમેન્ટ
(D) ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક એસેટ મેનેજમેન્ટ

059. 2011 ની વસતી ગણતરી પ્રમાણે નીચેના પૈકીનાં કયાં બે શહેરોએ સૌથી વધુ વસતી નોંધાવી છે ?

(A) દિલ્હી અને મુંબઈ (B) દિલ્હી અને કોલકત્તા (C) બેંગલૂરુ અને દિલ્હી (D) કોલકત્તા અને મુંબઈ

060. નીચેના પૈકીના કયા દેશમાંથી ભારતમાં હરિત ક્રાંતિના સમયમાં ઘઉંનું બિયારણ આયાત કરવામાં આવતું હતું ?

(A) ચિલી (B) યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા
(C) બ્રાઝિલ (D) મેક્સિકો

061. નીચેના પૈકી સરકારની કઈ યોજના સૌથી મોટી સીધો લાભ પહોંચાડનારી યોજના (Direct Benefit Transfer Scheme) તરીકે ગિનિસ બુકમાં વિશ્વવિક્રમ તરીકે નોંધાઈ છે ?

(A) MGNREGA (B) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના
(C) PAHAL (D) પ્રધાનમંત્રી ઉજાલા યોજના

062. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

I. રાષ્ટ્રીય કામધેનુ આયોગના આરંભની ઘોષણા 2018-19 ના કેન્દ્રિય અંદાજપત્રમાં થઈ.
II. એનું લક્ષ્ય ગાય અને ભેંસની પ્રજાતિઓના ટકાઉ આનુવંશિક સુધારાને વધુ ઉત્કૃષ્ટ કરવાનું છે.
III. ગાયો માટેના કાયદાઓ અને કલ્યાણ યોજનાઓના અસરકારક અમલ માટે તે જવાબદાર હશે.

(A) ફક્ત I (B) I અને II બંને (C) ફક્ત III (D) ફક્ત II અને III

063. DISHA પોર્ટલ .......... માટે વિકસાવવામાં આવ્યું છે.

(A) વિદ્યાર્થી (B) ખેડૂત
(C) સરકારી કર્મચારી (D) સાંસદો અને ધારાસભ્યો



https://www.freshersnow.com/previous-year-question-papers/

064. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ભારતમાં કિસાન ક્રેડીટ કાર્ડ યોજના આર. વી. ગુપ્તા સમિતિની ભલામણોને આધારે શરૂ કરવામાં આવી હતી.

(B) કિસાન વિકાસપત્ર 2011માં શ્યામલા ગોપીનાથ સમિતિની ભલામણોને આધારે બંધ કરવામાં આવ્યાં હતાં.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

065. MGNREGA બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો ખોટું / ખોટાં છે ?

(A) MGNREGA હેઠળ ચૂકવાતા વેતનને કૃષિશ્રમ માટેના ઉપભોગકતા મૂલ્ય સૂચિ (Consumer Price Index) સાથે જોડવામાં આવ્યું છે.

(B) MGNREGA માં બે કાર્યક્રમો SGRY અને NFFWP નું વિલીનીકરણ કરવામાં આવ્યું છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

066. NITI આયોગે ઊંચા મૂલ્યની ખેતપેદાશમાં સ્થળાંતરિત થવા ભલામણ કરી હતી. નીચેના પૈકી કઈ પેદાશ એમાંની નથી ?

(A) ફળો અને શાકભાજી
(B) ચિકન અને ઈંડા
(C) રેશમ અને કપાસ
(D) મત્સ્યોદ્યોગ

067. ભારતમાં એવા ખેડૂતોને 'સીમાંત ખેડૂતો' (Marginal Farmers) કહેવાય છે જેઓ ....... કરતાં ઓછી જમીન ધરાવતા હોય.

(A) 1 હેક્ટર
(B) 2 હેક્ટર
(C) 3 હેક્ટર
(D) 4 હેક્ટર

068. છૂપી બેરોજગારી (Disguised unemployment) એટલે -

(A) શ્રમની સીમાંત ઉત્પાદકતા શૂન્ય હોય
(B) શ્રમની સીમાંત ઉત્પાદકતા સકારાત્મક હોય
(C) શ્રમની સીમાંત ઉત્પાદકતા નકારાત્મક હોય
(D) (A) અને (B) બંને

069. ભારતમાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ)માં આવેલી બેંક નીચેના પૈકીના કયા ક્ષેત્રમાં ગણાય છે ?

(A) આંતરરાષ્ટ્રીય બેન્કીંગ
(B) સ્થાનિક (ડોમેસ્ટિક) બેન્કીંગ
(C) ઓફશોર બેન્કીંગ
(D) રાષ્ટ્રીય બેન્કીંગ

070. નીચેના પૈકી કયા અર્થશાસ્ત્રી નાના ખેડૂતોની તરફેણમાં જમીનના પુનર્વિતરણ સાથે જોડાયેલા હતા ?

(A) કે. એન. રાજ
(B) સી. એચ. હનુમંથ રાવ
(C) અમર્ત્ય સેન
(D) કે. નાગરાજ

071. વિશ્વ બેન્ક (World Bank)એ "ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ"ને 10 માપદંડોને આધારે વ્યાખ્યાયિત કર્યો છે. નીચેના પૈકી કયા માપદંડો આ યાદીમાં નથી ?

I. બાંધકામની પરવાનગીઓ સાથે સંબંધિત

II. મિલકતની નોંધણી

III. ક્રેડિટ (ધિરાણ) મેળવવું

IV. કેવળ ઘરગથ્થુ (domestically) વેપાર (trading) કરવો

(A) ફક્ત I અને II
(B) ફક્ત III
(C) ફક્ત I અને III
(D) ફક્ત IV



https://www.freshersnow.com/previous-year-question-papers/

072. દેશના ઉદ્યોગોની બીમારી ઘટાડવા વાણિજ્ય બેંકોએ લીધેલાં પગલાં બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

I. આવાં એકમોની વર્કિંગ કેપિટલની ઘટને પહોંચી વળવા તેઓ વધારાની વર્કિંગ કેપિટલની સગવડો આપે છે.

II. તેઓ ઘટાડેલા દરે વ્યાજ વસૂલે છે.

III. તેઓ વ્યાજની ચૂકવણી માટે યોગ્ય મોકૂફી આપે છે.

IV. તેઓ ખાતામાંની બાકી લેણી રકમનો અમૂક ભાગ સ્થગિત કરી દે છે.

(A) ફક્ત I અને II
(B) ફક્ત II અને III
(C) ફક્ત I, II અને III
(D) I, II, III અને IV

073. ગુજરાત સરકાર દ્વારા રોજગારીની વધારાની તકો ઊભી કરવા માટે કરાયેલી પહેલ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ખેડૂતોને સબસીડીવાળી લોન પૂરી પાડવા માટે શ્રી વાજપેયી બેંકેબલ યોજના અમલમાં મૂકવામાં આવી.

(B) પર્યાપ્ત આવક અને સ્વ-રોજગાર મેળવી શકાય તે માટે માનવ કલ્યાણ યોજના દ્વારા વધારાની સાધન-સામગ્રી આર્થિક રીતે પછાત વર્ગના સમુદાયના લોકોને પૂરી પાડવામાં આવી.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

074. તાજેતરના વર્ષોમાં ગુજરાત સરકાર દ્વારા કન્યા શિક્ષણ સુધારવા માટે અનેક પહેલ કરવામાં આવી છે, જે પૈકી એક મહત્ત્વની છે વિદ્યાલક્ષ્મી બોન્ડ. આ પહેલના સંદર્ભે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) આ યોજના અંતર્ગત 50% કરતા ઓછો કન્યા-સાક્ષરતા દર ધરાવતા ગામડાઓ અને શહેરી વિસ્તારોમાં ગરીબી રેખા હેઠળના કુટુંબોની કન્યાઓને ધો. 1માં પ્રવેશ વખતે રૂા. 2,000/- નો બોન્ડ આપવામાં આવે છે જે ધો. 8 પૂર્ણ થયે મળવાપાત્ર છે.

(B) 2017-18 પ્રમાણે આશરે 5,00,000 કન્યાઓને 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' પૂરા પાડવામાં આવ્યાં છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

075. 'બેલેન્સ ઑફ પેમેન્ટ' (BOP)ના પરિપ્રેક્ષ્યમાં નાણાકીય અભિગમ સંદર્ભે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

I. દેશમાં નાણાંના અધિક પુરવઠાને કારણે 'બેલેન્સ ઑફ પેમેન્ટ'ની ખાધ સર્જાય છે.

II. નાણાની વધુ માગમાંથી BOP સરપ્લસ ઉદ્ભવે છે.

III. BOP નું અસુંતલન લાંબે ગાળે સ્વાભાવિકપણે ગોઠવાઈ જાય છે.

(A) ફક્ત I અને II
(B) ફક્ત I
(C) I, II અને III
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

076. જળચક્ર એક સંકલ્પના છે જે .......... સૂચવે છે.

(A) જીવાવરણ જળાવરણ, વાતાવરણ અને શિલાવરણની વચ્ચે જળસંગ્રહ

(B) જીવાવરણ, વાતાવરણ, શિલાવરણ અને જળાવરણની વચ્ચે જળની ગતિ

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

077. નીચેના પૈકી કયા દેશની લોખંડ અને પોલાદની કંપનીઓ કાચા માલની આયાત પર પૂર્ણપણે નિર્ભર છે ?

(A) બ્રિટન (B) જાપાન (C) પોલૅન્ડ (D) જર્મની

078. કયા દેશનો સાગરતટ સૌથી લાંબો છે ?

(A) યુ.એસ.એ. (B) ઑસ્ટ્રેલિયા

(C) કેનેડા (D) ભારત

079. નીચેના પૈકી કઈ નદી અરબી સમુદ્રમાં ભળતી નથી ?

(A) તુંગભદ્રા (B) સાબરમતી

(C) મંડોવી (D) નર્મદા

080. ભારતમાં આયોજન પંચ અને 'NRSA' દ્વારા કેટલા મુખ્ય કૃષિ ક્લાઈમેટિક પ્રદેશો ઓળખી કાઢવામાં આવ્યા છે ?

(A) 12 (B) 15 (C) 14 (D) 16

081. ભારતનો નીચેના પૈકી કયો પ્રદેશ 'રાગિ' નામનો પાક લેવા માટે પ્રસિદ્ધ છે ?

(A) ભારતનો વરસાદછાયો પ્રદેશ (B) સૌરાષ્ટ્ર

(C) પૂર્વ ઘાટ (D) માળવા પ્રદેશ

082. નીચેના પૈકી કયું બંદર 'બાલાડિલાની ખાણો'માંથી લોખંડની કાચી ધાતુ મેળવે છે ?

(A) મોરમુગા (B) કંડલા (C) તુતીકોરીન (D) વિશાખાપટનમ્

083. શુભોમાજરી, રાલેગાંવ સિદ્ધિ અને જાબુવા કોનું આદર્શ ઉદારણ છે ?

(A) વૉટરશેડ મેનેજમેન્ટ (Watershed Management)

(B) કૉલ ડિપોઝીશન (Coal deposition)

(C) કાંપવાળી જમીન (Alluvial Soil)

(D) છૂટીછવાઈ વાવણી (Contour Ploughing)

084. રાજમહાલ અને દાર્જિલિંગ કૉલફીલ્ડ્સ (કોલસાનાં ક્ષેત્રો) આદર્શ ઉદાહરણ છે.

(A) ગોંડવાના હારમાળા (B) કુડાપા હારમાળા

(C) વિન્ધ્યાચલ હારમાળા (D) ટર્શિયરી હારમાળા

085. આંતરરાષ્ટ્રીય દિન રેખા પસાર કરતી વખતે વહાણોએ એમના અઠવાડિયાના દિવસોનો મેળ પાડવા માટે આવું કરવું પડે છે-

(A) પૂર્વ તરફ પસાર થતી વખતે એક દિવસ ઉમેરવો પડે છે.

(B) પશ્ચિમ તરફ પસાર થતી વખતે એક દિવસ ઉમેરવો પડે છે.

(C) પશ્ચિમ તરફ પસાર થતી વખતે એક દિવસ ઘટાડવો પડે છે.

(D) પૂર્વ તરફ પસાર થતી વખતે કોઈ ફેરફાર કરવો પડતો નથી.

086. ગ્રીન હાઉસ ગેસના સ્રાવની મર્યાદા નક્કી કરવા નીચેના પૈકી કઈ પ્રથમ બેઠક મળી હતી ?

(A) રિયો સમિટ (B) મોન્ટ્રિયલ પ્રોટોકોલ

(C) ક્યોટો પ્રોટોકોલ (D) ટોરેન્ટો સંમેલન

087. હજીરા-વિજયપુર-જગદીશપુર (HVJ) પાઈપલાઈનની રચના શું પુરું પાડવા માટે કરવામાં આવી છે ?

(A) ક્રુડ ઑઈલ (B) રિફાઈન્ડ ઑઈલ (C) ગેસોલીન (D) કુદરતી ગેસ

088. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના, 1951-2011 ના સમયગાળામાં ગુજરાત રાજ્યનો વસ્તીવૃધ્ધિ દર 200% કરતાં વધુ છે.

(B) 1961 થી ગુજરાત રાજ્યનો દશકાનો સૌથી ઓછો વસ્તીવૃધ્ધિ દર 2001-2011 માં નોંધાયો છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

089. ભારતની 2011 વસ્તી ગણતરી બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં નથી ?

1. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિની ટકાવારી 16.2% છે.

2. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ અનુસૂચિત જાતિની વસ્તીસંખ્યા છે.

3. મહારાષ્ટ્રમાં સૌથી વધુ અનુસૂચિત જાતિની ટકાવારી છે.

4. છત્તીસગઢમાં સૌથી વધુ અનુસૂચિત જનજાતિની વસ્તીસંખ્યા અને ટકાવારી છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

090. જોડકાં જોડો.

| | | | |
|---|---|---|---|
| a. | સૌથી વધુ ઝડપી ધરીભ્રમણ કરતો ગ્રહ | 1. | બુધ (Mercury) |
| b. | સૌથી ધીમું ધરીભ્રમણ કરતો ગ્રહ | 2. | યુરેનસ (Uranus) |
| c. | ભ્રમણકક્ષામાં સૌથી ઝડપી પ્રદક્ષિણા કરતો ગ્રહ | 3. | ગુરુ (Jupiter) |
| d. | ઉત્તરથી દક્ષિણ તરફ ધરીભ્રમણ કરતો ગ્રહ | 4. | શુક્ર (Venus) |

(A) a - 3, b - 4, c - 1, d - 2 (B) a - 4, b - 3, c - 2, d - 1

(C) a - 2, b - 1, c - 3, d - 4 (D) a - 1, b - 2, c - 4, d - 3

091. નીચે પૈકી કઈ જોડી ખોટી છે ?

(A) દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર - જાપાન

(B) મુંબઈ-બેંગલૂરુ ઈકોનોમિક કોરિડોર - બ્રિટન

(C) બેંગલૂરુ-ચેન્નાઈ કોરિડોર - એશિયન ડેવલપમેન્ટ બેંક

(D) અમૃતસર-કોલકત્તા ઈકોનોમિક કોરિડોર - સંપૂર્ણપણે ભારત સરકાર

092. નીચેના પૈકી કઈ નદી લાંબામાં લાંબો પટ વિસ્તાર (river basin) ધરાવે છે ?

(A) બ્રાહ્મણી (B) પિનાર (C) મહી (D) સાબરમતી

093. જોડકાં જોડો.

| | | | |
|---|---|---|---|
| a. | ચિદમ્બનાર પોર્ટ | 1. | ઈન્નોર |
| b. | દીનદયાળ પોર્ટ | 2. | નવી મુંબઈ |
| c. | જવાહરલાલ પોર્ટ | 3. | તુતીકોરીન |
| d. | કામરાજ પોર્ટ | 4. | કંડલા |

(A) a - 3, b - 4, c - 2, d - 1

(B) a - 1, b - 3, c - 4, d - 2

(C) a - 2, b - 1, c - 3, d - 4

(D) a - 4, b - 2, c - 1, d - 3

094. નીચેના પૈકી કયું રાજ્ય 'નેશનલ આઈલેન્ડ વેટલેન્ડ્ઝ' અંતર્ગત સૌથી વધુ વિસ્તાર ધરાવે છે ?

(A) પશ્ચિમ બંગાળ (B) પંજાબ (C) ગુજરાત (D) ઉત્તર પ્રદેશ

095. નીચેના પૈકી કયું રાજ્ય સૌથી વધુ ઘનાચ્છાદિત નીત્ય લીલાં વન આવરણ વિસ્તાર (Dense Evergreen Forest Cover) ધરાવે છે ?

(A) મધ્ય પ્રદેશ (B) અરુણાચલ પ્રદેશ (C) મિઝોરમ (D) કર્ણાટક

096. પશ્ચિમ કાંઠાના મેદાનો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. આ મેદાનો કચ્છના રણથી કન્યાકુમારી સુધી ફેલાયેલાં છે.
2. તે ત્રણ વિભાગોમાં વર્ગીકૃત છે : કાઠીયાવાડ કાંઠો, કોંકણ કાંઠો અને મલબાર કાંઠો.
3. તે આશરે 60 થી 75 કિલોમીટર પહોળાઈ સુધી સીમિત છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) 1, 2 અને 3 (D) ફક્ત 3

097. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. નર્મદા એ પશ્ચિમે વહેતી નદી છે અને તે વિન્ધ્ય અને સાતપુરા પર્વતમાળાઓ વચ્ચેની ફાટખીણ મારફતે વહે છે.
2. બ્રહ્મપુત્રા નદી નેપાળમાં જમુના અને તિબેટમાં વાંગ્ચુના નામે ઓળખાય છે.
3. ગોદાવરી દ્વીપકલ્પીય ભારતની સૌથી મોટી નદી-વ્યવસ્થા (river system) છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

098. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. પડખાઉ જમીન સામાન્ય રીતે કર્ણાટકમાં પશ્ચિમ ઘાટના વાતાભિમુખ બાજુએ, કેરળ અને 200 સે.મી. વરસાદ ધરાવતાં અન્ય વિસ્તારોમાં જોવાં મળે છે.

2. શુષ્ક જમીન લાલથી કથ્થાઈ રંગની શ્રેણીમાં જોવાં મળે છે.

3. પીટમય જમીન ભારે વરસાદ અને વધુ ભેજ ધરાવતા વિસ્તારોમાં જોવા મળે છે જ્યાં વનસ્પતિની સારી વૃધ્ધિ થાય છે.

4. ક્ષારીય જમીન સોડીયમ, પોટેશિયમ અને મેગ્નેશિયમના મોટા પ્રમાણ ધરાવે છે.

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

099. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) સરકારી દફતરે વન તરીકે નોંધાયેલા વિસ્તારને "વન વિસ્તાર" અથવા "નોંધાયેલો વન વિસ્તાર" કહેવાય છે.

(B) જે જમીનનું ક્ષેત્રફળ 1 હેક્ટર કરતા વધુ હોય અને જ્યાં છત્રની ઘનતા 10% કરતાં વધુ હોય તેવી જમીનને, તેના માલિકાપણા અને કાયદાકીય દરજ્જાને ધ્યાને લીધાં વિના, વન આવરણ (forest cover) કહે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

100. નીચેના પૈકી કઈ જોડી ખોટી છે ?

(A) ખરીફ પાક - જૂનથી માર્ચ - ઉત્તરીય રાજ્યોમાં ચોખા, કપાસ, બાજરી, મકાઈ, જુવાર

(B) રવિ પાક - ઓક્ટોબરથી માર્ચ - દક્ષિણ રાજ્યોમાં ચોખા, મકાઈ, જુવાર અને મગફળી

(C) જાયદ પાક (Zaid) - એપ્રિલથી જૂન - ઉત્તરીય રાજ્યોમાં ફળો અને શાકભાજી અને દક્ષિણ રાજ્યોમાં ચોખા અને શાકભાજી

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

101. નીચેના પૈકી સર્વોચ્ચ અદાલતનો કયો ચૂકાદો જાહેર રોજગારી અને શૈક્ષણિક સંસ્થાઓમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામતને લગતો નથી ?

(A) બાલાજી કેસ 1963
(B) ઈન્દ્ર સાહની કેસ 1991
(C) પી. કે. ત્રિપાઠી કેસ 2008
(D) એ. કે. ગોપાલન કેસ 1950

102. સમવાયી પ્રથા અસપ્રમાણ છે જ્યાં તે તેના અલગ અલગ એકમોને ભિન્ન હક્કો પ્રદાન કરે છે. નીચેના પૈકી કયું / કયા રાજ્યો ભારતીય સંવિધાન હેઠળ અસપ્રમાણતાના કિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે ?

(A) જમ્મુ અને કાશ્મિર
(B) સિક્કિમ
(C) નાગાલૅન્ડ
(D) ઉપરના તમામ

103. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશને જે રીતે અને જે કારણે હોદ્દા ઉપરથી દૂર કરી શકાય તેવી રીતે અને તેવા કારણો સિવાય ચૂંટણી કમિશ્નરને તેમના હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે નહિ.

2. મુખ્ય ચૂંટણી કમિશ્નરની સેવાની શરતોમાં, તેમની નિમણૂંક પછી તેમને ગેરલાભ થાય તેવો ફેરફાર કરી શકાશે નહિ.

3. અનુચ્છેદ 326 ભારતના ચૂંટણી આયોગની લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણીઓ યોજવા માટેની સત્તા બાબતની છે.

4. ટી. એન. શેષન ને 1995 માં ચૂંટણી આયોગના સભ્યોને દૂર કરવા માટે અદાલતમાં અરજી કરી હતી.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 2 અને 4 (D) 1, 2, 3 અને 4

104. રાષ્ટ્રીય માનવ હક્ક આયોગ (National Human Rights Commission) અને લઘુમતીઓ માટેના રાષ્ટ્રીય આયોગ (National Commission for Minorities) વચ્ચેની ભિન્નતા બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) રાષ્ટ્રીય માનવ હક્ક આયોગના અધ્યક્ષ કોઈપણ સમુદાયના ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધિશ હોવાં જરૂરી છે.

(B) લઘુમતીઓ માટેની રાષ્ટ્રીય આયોગના અધ્યક્ષની પસંદગી લઘુમતી સમુદાયમાંથી હોવી જોઈએ અને તેઓનું ફક્ત ન્યાયતંત્રમાંથી હોવું જરૂરી નથી.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

105. નવા ગ્રાહક સુરક્ષા ખરડા - 2018 નીચેના પૈકી કઈ વેપાર-ધંધા પ્રક્રિયાઓને નિયંત્રિત કરે છે ?

1. અનફેર ટ્રેડ પ્રેકટીસ 2. ગેરમાર્ગે દોરતી જાહેરાતો 3. ઈ-કોમર્સ

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3

106. ભારતની આંતરરાજ્ય કાઉન્સિલ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. ભારતના વડાપ્રધાન આ કાઉન્સિલના અધ્યક્ષ છે.

2. વિધાનસભા ધરાવતાં કેન્દ્રશાસિત વિસ્તારોના મુખ્યમંત્રીઓ અને વિધાનસભા ન ધરાવતા કેન્દ્રશાસિત વિસ્તારોનાં વહીવટદારો આ કાઉન્સિલના સભ્યો છે.

3. કેબીનેટ કક્ષાના 10 કેન્દ્રિય મંત્રીઓને આ કાઉન્સિલમાં સભ્ય તરીકે વડાપ્રધાન દ્વારા નામાંકિત કરવામાં આવશે.

(A) ફક્ત 2 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

107. નાગરીકોની ફરિયાદ નિવારણ માટે "લોકપાલ" અને "લોકાયુક્ત" જેવા હોદ્દાઓવાળી બે ખાસ સત્તાઓ ઊભી કરવા માટે નીચેના પૈકી કયા આયોગ / સમિતિએ ભલામણ કરી હતી ?

(A) પ્રથમ વહીવટી સુધારણા આયોગ (B) ભ્રષ્ટાચાર નિવારણ માટેની સાન્થમ સમિતિ

(C) બીજો વહીવટી સુધારણા આયોગ (D) રામચંદ્રમ સમિતિ

108. નીચેના પૈકી કઈ જોડી ખોટી છે ?

1. મૂળ અનુદાન (Original Grant) - વાર્ષિક નાણાકીય પત્રકમાં કોઈપણ સેવા માટે જોગવાઈ કરવામાં આવેલ રકમ
2. તિજોરી બિલો - સંઘ સરકાર વતી રીઝર્વ બેન્ક ઑફ ઈન્ડીયા દ્વારા બહાર પાડવામાં આવેલ તમામ ઈન્સ્ટ્રુમેન્ટ
3. નીતિવિષયક કાપ દરખાસ્ત - માગણીની રકમનો ઘટાડો રૂપિયા 100 કરવામાં આવે છે.

(A) 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 3 (D) ઉપરના પૈકી કોઈ નહીં

109. રાષ્ટ્રીય જળસંપત્તિ કાઉન્સિલ (National Water Resources Council) ના અધ્યક્ષ કોણ છે ?

(A) જળસંપત્તિ મંત્રી (B) રાષ્ટ્રપતિ (C) વડાપ્રધાન (D) ગૃહમંત્રી

110. નીચેના પૈકી કઈ સમિતિ / સમિતિઓ સંપૂર્ણપણે લોકસભાના સભ્યોથી બનેલી સમિતિ છે ?

1. જાહેર હિસાબ સમિતિ 2. અંદાજ સમિતિ 3. જાહેર સાહસો માટેની સમિતિ

(A) ફક્ત 2 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

111. લોકસભામાં એંગ્લો-ઈન્ડીયન સમુદાયનું ખાસ પ્રતિનિધિત્વ .......... સુધી લંબાવવામાં આવ્યું છે.

(A) 2020 (B) 2021
(C) 2024 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

112. નાગરીકોને માહિતી માટેનો અધિકાર આપનાર વિશ્વનો નીચેના પૈકી પ્રથમ દેશ કયો હતો ?

(A) સ્વીડન (B) નોર્વે (C) ઇંગ્લેન્ડ (D) ફ્રાન્સ

113. નીચેના પૈકી કયા દેશને ભારત સાથે ''કાલાપાની'' અને ''સુસ્તા'' વિસ્તારો બાબતે વિખવાદ છે ?

(A) પાકિસ્તાન (B) બાંગ્લાદેશ (C) ચીન (D) નેપાળ

114. ''આમુખ એ ભારતના સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાકનું જન્માક્ષર છે.'' - આ વિધાન કોનું છે ?

(A) જવાહરલાલ નહેરુ (B) ક. મા. મુન્શી (C) ભીમરાવ આંબેડકર (D) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

115. નીચેના પૈકી કઈ અર્ધ-ન્યાયિક સંસ્થા નથી ?

(A) નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (B) પ્રેસ કાઉન્સીલ ઑફ ઈન્ડીયા
(C) રેલ્વે ક્લેમ્સ ટ્રીબ્યુનલ (D) રાજ્ય જાહેર સેવા આયોગ

116. ભારતમાં નીતિ નિર્માણમાં નીચેના પૈકી કઈ સંસ્થા સામેલ નથી ?

(A) કેબીનેટ સચિવાલય (સેક્રેટરીયાટ) (B) વડાપ્રધાન કાર્યાલય
(C) કેન્દ્રિય સામાજીક કલ્યાણ બોર્ડ (D) NITI આયોગ

117. તાજેતરમાં શરૂ કરવામાં આવેલું પોર્ટલ PENCIL નીચેના પૈકી કઈ બાબતોનું છે ?

(A) સ્ત્રી હક્કો (B) સાયબર ક્રાઈમ (C) બાળમજૂરી (D) ટ્રાન્જેન્ડરના હક્કો

118. ભારત સરકારના નીચેના પૈકી કયા મંત્રાલય દ્વારા ગ્રામિણ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન મિશનનું સંચાલન થાય છે ?

(A) ગ્રામિણ વિકાસ મંત્રાલય (Ministry of Rural Development)

(B) પેયજલ અને સ્વચ્છતા મંત્રાલય (Ministry of Drinking Water and Sanitation)

(C) પંચાયતી રાજ મંત્રાલય (Ministry of Panchayati Raj)

(D) મહિલા અને બાળવિકાસ મંત્રાલય (Ministry of Women and Child Development)

119. ભારતના નાણાપંચ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) નાણાપંચની નિમણૂંક ભારતનાં સંવિધાનના અનુચ્છેદ 280 હેઠળ કરવામાં આવી હતી.

(B) ધ ફાઈનાન્સ કમિશન (મિસલેનીયસ પ્રોવીજન્સ) એક્ટ 1951 વધુમાં નાણાપંચની લાયકાત, નિમણૂંક, સમયગાળો અને સત્તાઓને વ્યાખ્યાયિત કરે છે.

(C) 15મા નાણાપંચના અધ્યક્ષ નંદકિશોર સિંઘ છે.

(D) નાણાપંચની નિમણૂંક દર 6 વર્ષે કરવામાં આવે છે અને તે અધ્યક્ષ અને અન્ય 5 સભ્યનું બનેલું છે.

120. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. લાભાર્થીઓ બે હેક્ટર સુધી જમીન ધરાવતા ભારતના ગરીબ ખેડૂતો છે.
2. નાણાકીય સહાય વાર્ષિક રૂા. 6000 સુધી મર્યાદિત છે.
3. ચૂકવણી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સ્કીમ હેઠળ થાય છે.
4. રકમ બે સરખાં હપ્તાઓમાં આપવામાં આવે છે.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) 1, 2, 3 અને 4 (D) ફક્ત 1, 3 અને 4

121. "Human rights are women's rights and women's rights are human rights once and for all." – આ વિધાન કોનું છે ?

(A) મલાલા યુસુફઝાઈ (B) હિલરી ક્લીન્ટન (C) પ્રતિભા પાટીલ (D) એન્જેલા ડેવિસ

122. પ્રશ્નકાળ બાદનો તરતનો સમય 12:00 કલાકને શું કહેવાય છે ?

(A) Adjournment Motion (મોકૂફીની દરખાસ્ત) (B) Call Attention Motion (ધ્યાનાકર્ષક દરખાસ્ત)

(C) Zero Hour (શૂન્ય કાળ) (D) Privilege Motion (વિશેષાધિકાર દરખાસ્ત)

123. નીચેના પૈકી કોનું ભારત સ્થાપક-સભ્યો પૈકીનું હતું ?

1. એશિયન ડેવલપમેન્ટ બેન્ક
2. ન્યુ ડેવલપમેન્ટ BRICS બેન્ક
3. G-20
4. નોન-અલાઈનમેન્ટ મુવમેન્ટ

(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

124. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) તે સંસદના કાયદા દ્વારા રચવામાં આવી છે.

(B) તેણે કેસનો નિકાલ છ મહીનામાં કરવાનો હોય છે.

(C) તેની મુખ્ય બેઠક (બેન્ચ) દિલ્હીમાં છે અને અન્ય બેઠકો (બેન્ચીઝ) ચાર રાજ્યોમાં છે.

(D) તે દિવાની કાર્યપધ્ધતિ સંહિતા અને પૂરાવા અધિનિયમના પૂરાવાના સિધ્ધાંતોથી સીમિત છે.

125. ન્યુક્લિયર નોન-પ્રોલીફરેશન ટ્રીટી (NPT) અને કોમ્પ્રીહેન્સીવ ન્યુક્લિયર ટેસ્ટ બાન ટ્રીટી (CTBT) બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) ભારતે NPT અને CTBT બંને ઉપર સહી કરી છે.

(B) ભારતે NPT ઉપર સહી કરી છે પરંતુ CTBT ઉપર કરી નથી.

(C) ભારતે NPT ઉપર સહી કરી નથી પરંતુ CTBT બંને ઉપર કરી છે.

(D) ભારતે NPT અને CTBT પૈકી કોઈ ઉપર સહી કરી નથી.

126. નીચેના પૈકી કઈ દવાઓ વનસ્પતિજન્ય છે ?

1. મોરફીન (Morphine)
2. ક્વિનીન (Quinine)
3. ટેક્ષોલ (Taxol)
4. પેનિસિલન (Penicillin)

(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 3 અને 4

127. બર્ન સંમેલન (Berne Summit) .......... બાબતનું છે.

(A) સાહિત્યિક અને કલાત્મક રચનાઓનું રક્ષણ કરવા

(B) જૈવવિવિધતા

(C) બૌદ્ધિક સંપદા અધિકાર

(D) ગ્લોબલ વોર્મિંગ

128. ભારતના રાષ્ટ્રીય નવપ્રવર્તન પ્રતિષ્ઠાન - National Innovation Foundation .......... ની મદદથી સ્થાપવામાં આવ્યું.

(A) હની બી નેટવર્ક

(B) યુરોપિયન સંઘ

(C) કાઉન્સિલ ઑફ સાયન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ

(D) ઈન્ડીયન એગ્રીકલ્ચરલ ઈન્સ્ટીટ્યુટ

129. નીચેના પૈકી કયો ઉપગ્રહ ઈસરો (ISRO)નો પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ (Earth Observation Satellite) નથી ?

(A) IRNSS - 1A (B) SARAL (C) INSAT - 3D (D) INSAT - 3A

130. ''ઈલાસ્ટીક કમ્પ્યુટ ક્લાઉડ'' (Elastic Compute Cloud) સૌ પ્રથમ .......... દ્વારા રજૂ કરવામાં આવ્યું.

(A) એમેઝોન (B) એપલ (C) ગુગલ (D) નોકીયા

131. ઊર્જા ક્ષેત્રે "IPHE" એટલે ..........

(A) ઈન્ટરનેશનલ પાર્ટનરશીપ ફોર હાઈડ્રોજન ઈકોનોમી

(B) ઈન્ટરનેશનલ પાર્ટનરશીપ ફોર હેલોજન એફીક્સી

(C) ઈન્ટરનેશનલ પાર્ટનરશીપ ફોર હિલિયમ એફીશીયન્સી

(D) ઈન્ટરનેશનલ પાર્ટનરશીપ ફોર હાઈબ્રીડ એનર્જી

132. HVDC ગ્રીડ ઈન્ટરકનેક્શન માટેનો દરિયામાં - અંડર સી કેબલ લીન્ક (Under Sea Cable Link) નો સૂચિત પ્રોજેક્ટ ભારત અને .......... વચ્ચેનો છે.

(A) શ્રીલંકા (B) મ્યાનમાર (C) માલદિવ્સ (D) ઓમાન

133. ઈસરો (ISRO) એ તેની યાત્રા 1962 માં ઈન્ડીયન નેશનલ કમિટી ફોર સ્પેસ રીસર્ચ (INCOSPAR) ના ગઠનથી શરૂ કરી. કયા વિભાગે (INCOSPAR) નું ગઠન કર્યું ?

(A) ડીપાર્ટમેન્ટ ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજી

(B) ડીપાર્ટમેન્ટ ઓફ એડવાન્સ ઈલેક્ટ્રોનીક્સ

(C) ડીપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી

(D) ડીપાર્ટમેન્ટ ઓફ પાવર એન્ડ કમ્યુનીકેશન

134. ભારત સરકારના ''ઝીરો ઈફેક્ટ, ઝીરો ડીફેક્ટ'' (Zero Effect, Zero Defect) - ZED કાર્યક્રમનો હેતુ શું છે ?

(A) સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના સાહસો તેમજ નાના વ્યવસાયો પર્યાવરણ ઉપર શૂન્ય ક્ષતિઓ (Zero Defect) અને શૂન્યઅસરો (Zero Effect) સાથે ઉત્પાદન કરે તે સુનિશ્ચિત કરવું.

(B) ઉદ્યોગો ઉત્પાદન કરતી વખતે કાર્બન ઓફસેટ પોઈન્ટ્સ ઉત્પન્ન કરે તે સુનિશ્ચિત કરવું.

(C) સરળ શ્રમ પ્રમાણીકરણ માટે નાના ઉદ્યોગોનું ZED મુજબ ક્રમ નિર્ધારણ સુનિશ્ચિત કરવું.

(D) ''ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ''માં ભારતનું સ્થાન સુધરે તે સુનિશ્ચિત કરવું.

135. બેસલ્ સંમેલનનું માળખું નીચેના પૈકી કઈ બાબત લગતું છે ?

(A) તે જોખમી કચરાની સીમાઓ આરપાર હેરફેર અને તેના સલામત નિકાલનું નિયમન કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

(B) તે ઓઝોન સ્તરને નાશ કરતાં પદાર્થોના ઉત્પાદન અને હેરફેરનું નિયમન કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

(C) તે રાષ્ટ્રીય સીમાઓ ઉપરથી ગેરકાયદેસર સ્થળાંતરકારોની હલચલ અને તેમને પ્રત્યાવર્તન પૂરું પાડવાનું નિયમન કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

(D) તે રાષ્ટ્રીય સીમાઓ ઉપરથી મનોવૈજ્ઞાનિક દવાઓ (Psychotropic drugs)ના ઉત્પાદન અને હલચલને નિયંત્રિત કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

136. ડીપાર્ટમેન્ટ ઑફ એટોમિક એનર્જી (Department of Atomic Energy)એ ''ફ્લુઓરીમીટર'' (Fluorimeter) નામનું સાધન વિકસાવ્યું છે. આ સાધનનો હેતુ શું છે ?

(A) તે યુરેનિયમની સમૃધ્ધિના સ્તરની માપણી કરવા માટે વપરાય છે.

(B) તે લોહીમાં ફ્લોરાઈડ ઝેરની માપણી કરવા માટે વપરાય છે.

(C) તે ધરતીના પેટાળમાં યુરેનિયમના નમૂનાઓ કેટલી ઊંડાઈએ આવેલા છે તેની માપણી કરવા માટે વપરાય છે.

(D) તે પાણીમાં યુરેનિયમની માત્રાની માપણી કરવા માટે વપરાય છે.

137. કોલ્હાપુર CNG પ્લાન્ટમાં બાયોગેસ ઉત્પન્ન કરવા માટે કઈ કચરો સામગ્રી (waste material) વપરાય છે ?

(A) શેરડીનો કચરો (Sugarcane waste)

(B) પ્રાણી કચરો (Animal waste)

(C) નગરપાલિકા ઘન કચરો (Municipal solid waste)

(D) કુદરતી લાકડાનો કચરો (Natural wooden waste)

138. ભારતમાં ‘‘પેટન્ટ’’ (Patent)ની અવધિ કેટલી છે ?

(A) 20 વર્ષ (B) 18 વર્ષ

(C) 15 વર્ષ (D) 10 વર્ષ

139. સુગમ્ય ભારત અભિયાન .......... છે.

(A) સમગ્ર ભારતના તમામ ગામડાઓને રસ્તા જોડાણ (road-connectivity) પૂરા પાડવાની ઝૂંબેશ

(B) સમગ્ર ભારતના તમામ ગામડાઓને ઈન્ટરનેટ સુવિધાઓ પૂરી પાડવાની ઝૂંબેશ

(C) સમગ્ર ભારતના તમામ ગામડાઓને મોબાઈલ ફોન કનેક્ટીવીટી પૂરા પાડવની ઝૂંબેશ

(D) વિકલાંગ લોકોને સમાન તક ઉપલબ્ધ થઈ શકે તે માટે સાર્વત્રિક સુલભતા (universal accessibility) પૂરી પાડવાની ઝૂંબેશ

140. કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રીશ્રી દ્વારા કયું એપ શરૂ કરવામાં આવ્યું છે કે જે મિલ્કતનું રૂપાંતરણ, અવેજીકરણ અને ફેરફારની પ્રક્રિયાને ડિજિટલાઈઝ કરે છે અને તેને ઓનલાઈન કરવામાં આવ્યું છે ?

(A) ઈ-ધરતી (E-Dharti) (B) પ્રોપર-ટી (Proper-T)

(C) અર્બન-U (Urban-U) (D) કન્વર્ઝન (Conversion)

141. નીચેના પૈકી કયા રાજ્યએ ભારતનો સૌ પ્રથમ સ્ત્રી હ્યુમનોઈડ રોબોટ (KP-BOT) (Humanoid Robot KP-BOT) તેના પોલીસદળમાં સબ-ઈન્સ્પેક્ટરના દરજ્જાએ દાખલ કર્યું છે ?

(A) ઉત્તર પ્રદેશ (B) મધ્ય પ્રદેશ

(C) મહારાષ્ટ્ર (D) કેરળ

142. ભારતીય બિનસરકારી સંસ્થાન (NGO) અને સિંગાપુરની માર્કેટીંગ એજન્સી દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવેલ ‘‘જીવન-બિંદી’’ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) તે રસી (vaccine) છે

(B) તે આયોડિન પૂરક (iodine supplement) છે.

(C) તે એન્ટીબાયોટીક (antibiotic) દવા છે.

(D) તે મલ્ટીવિટામિન (multivitamin) ગોળી (tablet) છે.

143. LOTUS HR પ્રોજેક્ટ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) તે વિચારો અને નવીનતાને સફળ સ્ટાર્ટ-અપ (start-ups) માં વિકસાવવા માટેનું છે.

(B) તે સ્ત્રી-વિશ્વવિદ્યાલયો (Women universities) માં અદ્યતન આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવા માટેનું છે.

(C) તે યોગ અને ધ્યાન ઉપરના સંશોધનમાં પુનઃ શક્તિસંચાર માટેનું છે.

(D) તે શહેરી ગંદા પાણીની ટ્રીટમેન્ટ માટેના સર્વગ્રાહી અભિગમ વિકસાવવા માટેનું છે.

144. નીચેના પૈકી કઈ જોડી સાચી નથી ?

(A) આમલી - મિથેનોઈક એસિડ (Methonic Acid)

(B) સરકો - એસિટિક એસિડ (Acetic Acid)

(C) ટામેટા - ઓક્સેલિક એસિડ (Oxalic Acid)

(D) નારંગી - સાઈટ્રિક એસિડ (Citric Acid)

145. નીચેના પૈકી કયા જૈવઈંધણ (Biofuel) ને "વુડ આલ્કોહોલ" (Wood Alcohol) તરીકે ઓળખવામાં આવે છે ?

(A) મિથેનોલ

(B) ઈથેનોલ

(C) બ્યુટેનોલ

(D) બાયોડિઝલ

146. ડિજિટલ ચૂકવણી પધ્ધતિઓમાં, UPI એટલે -

(A) યુનીફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (Unified Payments Interface)

(B) યુનિવર્સલ પેમેન્ટ ઈન્ટરફેસ (Universal Payment Interface)

(C) યુનિયન પેમેન્ટ ઈન્ટરફેસ (Union Payment Interface)

(D) અનરીસ્ટ્રીક્ટેડ પેમેન્ટ ઈન્ટરફેસ (Unrestricted Payment Interface)

147. તાજેતરમાં "નીફા" (Nipha) વાયરસનો ઉલ્લેખ સમાચારમાં હતો. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો આ વાયરસ બાબતે સાચું / સાચાં છે ?

i. તે પ્રાણીઓમાંથી મનુષ્યોમાં ફેલાય છે.

ii. તે દુષિત ખોરાક અથવા લોકો વચ્ચે પ્રત્યક્ષ રીતે પણ ફેલાય છે.

(A) ફક્ત i

(B) ફક્ત ii

(C) i અને ii બંને

(D) i અને ii પૈકી કોઈ નહીં

148. નીચેના પૈકી કયા રોગો જાતિય રીતે ફેલાતા રોગો (Sexually transmitted diseases) છે ?

1. એચ.આઈ.વી. (HIV)

2. હીપેટાઈટીસ-બી (Hepatitis-B)

3. સિફિલિસ (Syphilis)

4. ગોનોરિયા (Gonorrhea)

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

149. માનવ કાન માટે શ્રાવ્ય આવર્તનો (audible frequencies) .......... છે.

(A) 20 થી 20,000 Hz
(B) 200 થી 20,000 Hz
(C) 100 થી 20,000 Hz
(D) 1000 થી 20,000 Hz

150. નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) સિગરેટનો ધુમાડો, જંતુનાશકો, ઔદ્યોગિક રસાયણો અને વાયુ પ્રદૂષણ ઓક્સિડેન્ટ્સ (Oxidants)ના સ્ત્રોતો છે.
(B) ઘાટાં રંગના ફળો, શાકભાજી અને કઠોળ એન્ટીઓક્સિડેન્ટ્સ (Antioxidants)ના સ્ત્રોતો છે.
(C) એન્ટીઓક્સિડેન્ટ્સ્ (Antioxidants) અન્ય અણુઓ (molecules)ની ઓક્સિડેશન (Oxidation) પ્રક્રિયાને સક્રિય અને ઝડપી બનાવે છે.
(D) ઉપરના પૈકી કોઈ નહીં.

151. નીચેના પૈકી કયા 7 દેશો સાથે ઓસ્ટ્રેલિયા ભારતીય મહાસાગરમાં લશ્કરી કવાયત કરી રહ્યું છે ?

(A) ભારત, શ્રીલંકા, મલેશિયા, થાઈલેન્ડ, વિયેટનામ, ઈન્ડોનેશિયા અને સિંગાપુર
(B) ભારત, બાંગ્લાદેશ, મલેશિયા, થાઈલેન્ડ, વિયેટનામ, ઈન્ડોનેશિયા અને ન્યુઝીલેન્ડ
(C) ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, મલેશિયા, સિંગાપુર, ઈન્ડોનેશિયા અને માલદિવ્સ
(D) ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, ઈન્ડોનેશિયા, સિંગાપુર, બાંગ્લાદેશ અને યુ.એસ.એ.

152. દેના બેંક અને વિજયા બેંક સાથે વિલિનીકરણ બાદ બેંક ઑફ બરોડા .......... ક્રમની સૌથી મોટી બેંક છે.

(A) પ્રથમ
(B) બીજા
(C) ત્રીજા
(D) ચોથા

153. ઈસરો (ISRO) દ્વારા સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવેલા ભારતના સ્વરક્ષણ ઉપગ્રહ EMISAT બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. આ લોન્ચ માટે ઈસરોએ તેના PSLVનો ઉપયોગ કર્યો.
2. EMISAT ને સફળતાપૂર્વક “સન-સિન્ક્રોનાઈઝ્ડ પોલર ઓરબીટ”માં મૂકવામાં આવ્યો.
3. EMISAT ઈસરોના ભારતીય મીની સેટેલાઈટ-2 (આઈ.એમ.એસ.-2) બસ પ્લેટફોર્મ (Indian Mini Satellite-2 (IMS-2) Bus Platform) ઉપર આધારીત છે.
4. આ ઉપગ્રહ વીજચુંબકીય સ્પેક્ટ્રમની માપણી માટેના હેતુ સારૂ છે.

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

154. ભારત અને યુ.એસ.એ. વચ્ચે સહી થયેલો કરાર, COMCASA (Communications, Compatibility and Security Agreement) સમજૂતી .......... લગતો છે.

(A) ભારતીય નૌકાદળ
(B) ઈસરો (ISRO)
(C) ભારતીય રેલ્વે
(D) ભારતીય ઉડ્ડયન

155. ઈન્ડીયન કાઉન્સીલ ઑફ એગ્રીકલ્ચરલ રીસર્ચ (ICAR) એ 2018માં પશુધન અને મરઘાંઉછેરની 15 નવી જાત/ઓલાદની નોંધણી મંજૂર કરી છે. ગુજરાતમાંથી નવી મંજૂર થયેલી બકરીની જાત .......... છે.

(A) કાહમી (B) હાલારી (C) પંચાલી (D) નીડુ

156. ભારત સરકારે સ્ત્રીઓને ખાણમાં કામ કરવા દેવા માટેના નિયમો જાહેર કર્યા છે. આ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. જો સ્ત્રીઓ જમીન ઉપર આવેલી ખાણમાં કામ કરતી હોય તો તેઓને કામ ઉપર સાંજના 7 વાગ્યાથી સવારના 6 વાગ્યા સુધી રાખી શકાશે.
2. જો સ્ત્રીઓ જમીનની નીચે આવેલી ખાણોમાં કામ કરતી હોય તેઓને કામ ઉપર સવારના 6 વાગ્યાથી સાંજના 7 વાગ્યા સુધી રાખી શકાશે.
3. એક પાળીમાં સ્ત્રીને આઠ કરતાં ઓછાં ના હોય તેવાં સમૂહમાં રાખી શકાશે.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

157. રાષ્ટ્રીય મતદાર દિવસ-2019 (National Voters Day-2019)નો વિષય-વસ્તુ શું છે ?

(A) વોટ - ધેટ ઈઝ યોર રાઈટ (B) નો વોટર્સ ટુ બી લેફ્ટ બિહાઈન્ડ

(C) વોટ - યુઝ - રાઈઝ (D) વોટ - ફ્યુચર ઓફ ધ યુથ

158. નીચેના પૈકી ગુજરાતના કયાં લેખકને વર્ષ 2018 માટેનો સાહિત્ય અકાદમી પુરસ્કાર આપવામાં આવ્યો ?

(A) શરીફા વિજળીવાળા (B) જય વસાવડા

(C) કાજલ ઓઝા વૈદ્ય (D) કીરીટ દૂધાત

159. ''પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજના'' બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. તે અસંગઠીત ક્ષેત્રના કામદારો માટેની મેગા પેન્શન યોજના છે.
2. તે 60 વર્ષની ઊંમરથી રૂા. 3000ના માસિક પેન્શનની ખાત્રી આપે છે.
3. તેનો લાભ મેળવવા માટે 18 વર્ષની ઊંમરના કામદારે માસિક રૂા. 550નો ફાળો આપવાનો રહે છે.
4. આ યોજના હેઠળ, અસંગઠીત ક્ષેત્રના એવા કામદારો કે જેઓની માસિક આવક રૂા. 15,000 થી ઓછી હોય, તેઓ આનો લાભ મેળવી શકે છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 3 (C) 1, 2 અને 4 (D) ફક્ત 1 અને 4

160. આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાન (ILO) દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ અહેવાલ - ''વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ શોશીયલ આઉટલૂક ટ્રેન્ડ્સ-2019'' બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ? **Cancelled**

1. આ અહેવાલ જણાવે છે કે વર્ષ 2019 માં બેરોજગારી ઘટીને 4.9% થશે અને વર્ષ 2020માં તે સ્થિર રહેશે.
2. આ અહેવાલ જણાવે છે કે 2007-08 ની વૈશ્વિક નાણાકીય કટોકટીના આઘાતમાંથી નીકળતા 9 વર્ષ લાગ્યાં છે.
3. 15-24 વર્ષના વયજૂથમાં વૈશ્વિક બેરોજગારી 11.8% રહી છે કે જે અન્ય વયજૂથો કરતાં ખાસી વધારે છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

161. નેશનલ વોર મેમોરિયલ રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. આ સ્મારકમાં ચાર ચક્રો - અમર ચક્ર, વીરતા ચક્ર, ત્યાગ ચક્ર અને રક્ષા ચક્રનો સમાવેશ થાય છે.
2. પરમ યોધ્ધા સ્થળ ખાતે 21 પરમવીર ચક્ર મેળવનારાઓની અર્ધ-પ્રતિમાઓ સ્થાપવામાં આવી છે.
3. આ સ્મારકમાં ભારતીય સેના, નૌકાદળ અને વાયુદળ દ્વારા લડવામાં આવેલ પ્રખ્યાત યુધ્ધો દર્શાવતા 12 કાંસ્ય ભીંતચિત્રો આવેલાં છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

162. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીન (EVM) એ માહિતીનો અધિકાર અધિનિયમ હેઠળ "માહિતી" છે અને તે નાગરીક દ્વારા ચૂંટણીપંચમાંથી રૂા. 10 ભરવાથી માંગી શકાય છે.

(B) એનો મતલબ એ થાય છે કે જ્યારે માહિતી માંગવાનો અધિકારની (RTI) અરજી કરવામાં આવે ત્યારે ચૂંટણીપંચે તેને પૂરી પાડવાની રહે અથવા માહિતીનો અધિકાર અધિનિયમ હેઠળના અપવાદ માટેના પ્રાવધાન હેઠળ નકારવાની રહે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

163. ગુજરાત સરકારે "સુજલામ્ સુફલામ જળસંચય યોજના"ની બીજી આવૃત્તિ શરૂ કરી. જો આ યોજનામાં ખાનગી પેઢીઓ (private parties) ભાગ લે તો તેમાં રાજ્ય સરકારનો હિસ્સો .......... છે.

(A) 60% (B) 40% (C) 50% (D) 25%

164. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા વિકસાવવામાં આવી રહેલાં બુધ્ધિસ્ટ ટૂરિસ્ટ સરકીટના સ્થળો પૈકીનું પ્રાચિન દેવની મોરી .......... નદીના કિનારે આવેલું છે.

(A) મેશ્વો (B) સાબરમતી
(C) નર્મદા (D) તાપી

165. ભારતના "લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ" - "તેજસ" બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. તેજસ બહુવિધ ભૂમિકાઓવાળું એક બેઠક ધરાવતું હલકા વજનવાળું જેટ-ફાઈટર છે.
2. ભૂતપૂર્વ વડાપ્રધાનમંત્રી શ્રી અટલબિહારી વાજપાઈએ તેનું નામાધિકરણ - "તેજસ", જેનો અર્થ તેજ-પ્રકાશ થાય છે, કરેલું.
3. તે હવાથી હવામાં છોડી શકાય તેવા મિસાઈલો, બોમ્બ અને ચોક્કસાઈ માર્ગદર્શિત દારૂગોળો/યુદ્ધ સામગ્રીનું વહન કરી શકે છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 3 (D) 1, 2 અને 3

166. નીચેના પૈકી કયા મંત્રી આવાસ (Housing) ઉપર જી.એસ.ટી. ની ભલામણો માટેની સમિતિના અધ્યક્ષ છે ?

(A) સુશિલ મોદી (B) નીતિન પટેલ
(C) વાય રામાકૃષ્ણનુડુ (D) અમિત મિત્રા

167. તાજેતરમાં નવા જાહેર થયેલા રેલ્વે ઝોનનું નામ .......... છે અને તેનું મુખ્ય મથક .......... છે.

(A) સાઉથ કોસ્ટ ઝોન, વાયઝાગ
(B) સાઉથ સેન્ટ્રલ ઝોન, વિજયવાડા
(C) સાઉથ ઈસ્ટ ઝોન, અમરાવતી
(D) સાઉથ વેસ્ટ ઝોન, ઈલુરૂ

168. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી ભંડોળ (United Nations Population Fund) અનુસાર ભારતની વસ્તી વર્ષ 2010 થી 2019 વચ્ચે .......... ના સરાસરી દરે વધીને 136 કરોડ થઈ છે.

(A) 0.8%
(B) 1.2%
(C) 1.8%
(D) 2.2%

169. ભારતના સબસોનીક ક્રુઝ મિસાઈલ ‘‘નિર્ભય’’ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તે પરમાણુ સક્ષમ છે અને 300 કિલોગ્રામ સ્ફોટક શસ્ત્રઅગ્રથી (warhead) સજ્જ છે.
2. તે 0.6 - 0.7 Machની ગતિએ પહોંચવાની ક્ષમતા ધરાવે છે અને તે બહુવિધ પ્લેટફોર્મ ઉપરથી ગોઠવી શકાય છે.
3. તે 100 મીટર કરતાં નીચી ઊંચાઈએ 1000 કિ.મી. સુધીના અંતરવાળા જમીન ઉપરનાં લક્ષ્યાંક ઉપર પ્રહાર કરી શકવાની ક્ષમતા ધરાવે છે જેથી કરીને દુશ્મનના રડારમાં આવવાનું ટાળી શકે છે.
4. નિર્ભય મિસાઈલ એક સાથે અનેક લક્ષ્યાંકો ઉપર પ્રહાર કરવાની ક્ષમતા પણ ધરાવે છે.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) 1, 2, 3 અને 4
(D) ઉપરોક્ત પૈકી કોઈ સાચાં નથી

170. નીચેના પૈકી કયું આંતરરાષ્ટ્રીય શ્રમ દિન-2019 (International Labour Day-2019)નું વિષયવસ્તુ છે ?

(A) સસ્ટેનેબલ લાઈફ ફોર ઓલ : ધ રોલ ઓફ વર્લ્ડ
(B) સસ્ટેનેબલ પેન્શન ફોર ઓલ : ધ રોલ ઓફ સોશીયલ પાર્ટનર્સ
(C) સ્પેશીયલ સસ્ટેનેબલ લાઈફ ફોર વર્કર્સ : પેન્શન રાઈટ્સ
(D) ઉપરના પૈકી કોઈ નહીં

171. તાજેતરમાં સમાચારમાં આવેલ “INS Vela” શું છે ?

(A) ભારતીય નૌકાદળ યુદ્ધ જહાર (ફ્રિગેટ)
(B) ભારતીય નૌકાદળની ચૌથી સ્કોરપિયન વર્ગની સબમરીન
(C) ભારતીય નૌકાદળનું મિસાઈલ વિનાશક
(D) ભારતીય નૌકાદળનું ઓઈલ ટેન્કર

172. ગુજરાત વિધાનસભા દ્વારા ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ્સ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વીસ) એક્ટ તાજેતરમાં પસાર કરવામાં આવ્યો. તે બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. આ અધિનિયમ હેઠળ રાજ્યમાં દુકાનો અને અન્ય વેપાર 24 x 7 ચલાવી શકાશે.
2. આ નવા અધિનિયમ હેઠળ કામદારોને તેમના કામ માટે નિયમિત પગાર કરતાં બમણો પગાર મળશે જે અગાઉ દોઢ ગણો હતો.
3. નવા અધિનિયમની જોગવાઈઓ અનુસાર સ્ત્રી કર્મચારીઓ માટેના કામના કલાકો 24 કલાક રહેશે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) 1, 2 અને 3
(D) ફક્ત 1 અને 3

173. તાજેતરમાં નીચેના પૈકી કયો દેશ સમલૈંગિક લગ્નને માન્યતા આપનારો એશિયાનો પ્રથમ દેશ બન્યો છે ?

(A) બાંગ્લાદેશ (B) તાઈવાન (C) ભારત (D) મલેશિયા

174. તાજેતરમાં ઈસરો (ISRO) દ્વારા સફળતાપુર્વક તરતો મુકવામાં આવેલ Risat-2B ઉપગ્રહ સંદર્ભે નીચેના પૈકી કઈ બાબતોએ તેની ઉપયોગિતા છે ?

1. કૃષિ (Agriculture)
2. વન (Forestry)
3. આપત્તિ વ્યવસ્થાપન (Disaster Management)

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

175. તાજેતરમાં ભારતીય હવાઈદળ દ્વારા સુખોઈ-30 MKI ફાઈટર વિમાનમાંથી કરવામાં આવેલા સુપરસોનિક બ્રહ્મોસ ક્રુઝ મિસાઈલના હવાઈ સ્વરૂપ (Aerial version)ના સફળ પરીક્ષણ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. આ પરીક્ષણ આંદામાન-નિકોબાર ટાપુ ખાતે કરવામાં આવ્યું.
2. 2.5 ટનની એર-ટુ-સરફેસ મિસાઈલ લગભગ 300 કિલોમીટરની રેન્જ ધરાવે છે.
3. આ મિસાઈલ અવાજની ગતિ કરતાં લગભગ 3 ગણી વધુ ગતિએ એટલે કે 2.8 Mach ની ગતિ સાથે ઉડે છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

176. શરૂઆતના બિંદુથી 60 મીટર ઉત્તર દિશામાં ચાલ્યા બાદ, ટોમ પોતાની જમણી બાજુ વળી 16 મીટર ચાલે છે. ત્યારબાદ તે ફરીથી પોતાની જમણી બાજુ વળી 48 મીટર ચાલે છે. તો શરૂઆતના બિંદુથી તે કેટલો દૂર હશે ?

(A) 12 મીટર (B) 18 મીટર
(C) 20 મીટર (D) 24 મીટર

177. જો M + N એટલે M એ N ની માતા છે. M – N એટલે M એ N નો ભાઈ છે. M % N એટલે M એ N ના પિતા છે. તથા M * N એટલે M એ N ની બહેન છે. તો નીચેનામાંથી કયો વિકલ્પ બતાવે છે કે P એ Q ના મામા છે ?

(A) Q – N + M * P (B) P + S * N – Q
(C) P – N + M * Q (D) Q – S % P

178. 21 સપ્ટેમ્બર, 1987 ના રોજ અઠવાડિયાનો ક્યો દિવસ હતો ?

(A) રવિવાર (B) સોમવાર
(C) મંગળવાર (D) બુધવાર

179. અમીત અને ધીરજની હાલની ઉંમરનો ગુણોત્તર 5 : 4 છે. જો 6 વર્ષ પછી અમીતની ઉંમર 41 વર્ષ થશે તો આજથી 10 વર્ષ પહેલા ધીરજની ઉંમર કેટલી હશે?

(A) 18 વર્ષ (B) 22 વર્ષ (C) 28 વર્ષ (D) 21 વર્ષ

180. જેને 7 વડે ભાગવામાં આવતાં 3 શેષ વધે તેવી તમામ બે અંકની સંખ્યાઓનો સરવાળો કેટલો થશે ?

(A) 666 (B) 667

(C) 676 (D) 766

181. જો સમીકરણ $3x + y = 10$ નો ઉકેલ $(a, 4)$ હોય તો $a$ નું મૂલ્ય શું થશે ?

(A) 2 (B) 3

(C) 4 (D) 6

182. જો ત્રણ મિત્રો P, Q અને R વચ્ચે રૂા. 371 એવી રીતે વહેંચવામાં આવે કે P ને Q કરતા રૂા. 49 વધારે મળે અને R ને Q કરતાં રૂા. 56 ઓછા મળે, તો P, Q અને R ની વહેંચણીનો ગુણોત્તર કેટલો થશે ?

(A) 16 : 9 : 18 (B) 25 : 18 : 10

(C) 25 : 10 : 18 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

183. નીચે આપેલ અવલોકનોને ચડતા ક્રમમાં ગોઠવ્યા હોય, તથા તે અવલોકનોનો મધ્યસ્થ 62 હોય તો $x$ ની કિંમત કેટલી થશે ?

20, 23, 42, 53, $x$, $x + 2$, 70, 75, 82, 96

(A) 59 (B) 60

(C) 63 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

184. નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) સમબાજુ ત્રિકોણનો દરેક ખૂણો 60° માપનો હોય છે.

(B) જો સમબાજુ ત્રિકોણની કોઈ બાજુનું માપ $a$ હોય તો તેનું ક્ષેત્રફળ $\sqrt{3}a^2$ હોય છે.

(C) જો કોઈ વર્તુળનો વ્યાસ $d$ હોય તો તેનો પરિઘ $\pi d$ જેટલો હોય છે.

(D) જો કોઈ ગોલકની ત્રિજ્યા $r$ હોય તો તેની વક્ર સપાટીનું ક્ષેત્રફળ $4\pi r^2$ હોય છે.

185. એક વ્યક્તિએ 8% દરથી વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજે લોન લીધી. જો 2 વર્ષ બાદ તેમણે વ્યાજ રૂપે રૂ 2496 ચૂકવ્યા હોય તો તેણે કેટલી લોન લીધી હશે ?

(A) રૂા. 12000 (B) રૂા. 12500 (C) રૂા. 15000 (D) રૂા. 17500

186. P અને Q એક કામ અનુક્રમે 20 દિવસ અને 25 દિવસમાં કરી શકે છે. બન્ને એક સાથે કામ શરૂ કરે છે. પરંતુ થોડા દિવસ બાદ P કામ છોડી દે છે. બાકીનું કામ Q 10 દિવસમાં પુરૂં કરે છે. તો P એ કેટલા દિવસ પછી કામ છોડ્યું હશે ?

(A) 5 દિવસ (B) $7\frac{2}{3}$ દિવસ

(C) 8 દિવસ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

187. એક કાર પોતાની વાસ્તવિક ગતિના $\frac{5}{7}$ જેટલી ઝડપે 42 કિમીનું અંતર 1 કલાક 40 મિનિટ અને 48 સેકન્ડમાં કાપે છે. તો કારની વાસ્તવિક ગતિ કેટલી હશે ?

(A) 35 કિમી/કલાક (B) 42 કિમી /કલાક

(C) 28 કિમી/કલાક (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

188. કોઈ લીપ વર્ષ સોમવારે શરૂ થતું હોય તો તેના છેલ્લા દિવસે કયો વાર હશે ?

(A) સોમવાર
(B) મંગળવાર
(C) બુધવાર
(D) રવિવાર

189. 12 સેમી વ્યાસના ધાતુના નક્કર દડાને પીગાળી તેટલો જ વ્યાસ ધરાવતો નક્કર નળાકાર બનાવવામાં આવે છે. તો તે નળાકારની ઉંચાઈ કેટલી થશે?

(A) 4 સેમી
(B) 8 સેમી
(C) 16 સેમી
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

190. એક સમલંબ ચતુષ્કોણની સમાંતર બાજુઓના માપ અનુક્રમે 16 સેમી અને 15 સેમી છે. જો તે સમાંતર બાજુઓ વચ્ચેનું લંબઅંતર 20 સેમી હોય તો તે ચતુષ્કોણનું ક્ષેત્રફળ કેટલું થશે ?

(A) 210 ચો. સેમી
(B) 240 ચો.સેમી
(C) 310 ચો.સેમી
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

191. ત્રણ નિષ્પક્ષ સિક્કાઓ એક સાથે ઉછાળવામાં આવે તો ઓછામાં ઓછા બે કાંટા (Tails) મળવાની સંભાવના કેટલી ?

(A) $\frac{1}{4}$
(B) $\frac{1}{2}$
(C) $\frac{2}{3}$
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

192. નીચેની શ્રેણીમાં ( ? ) ને સ્થાને શું આવશે ?

DOZ, GRC, ( ? ), ALW, BMX

(A) BGL
(B) LWH
(C) DLT
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

193. એક સાંકેતિક ભાષામાં CERTAIN નો સંકેત BFQUZJM હોય તો MUNDANE નો સંકેત કયો હશે ?

(A) LVMEZOD
(B) LWMEZOD
(C) LVNEZPD
(D) LVMFYOD

* (નિર્દેશ : પ્રશ્નો 194-197) નીચે આપેલી માહિતીનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

ખાંડના છ ઉત્પાદન એકમોનું કુલ વાર્ષિક ઉત્પાદન ( લાખ ટનમાં)

| વર્ષ | P | Q | R | S | T | U |
|---|---|---|---|---|---|---|
| 2011 | 310 | 180 | 169 | 137 | 140 | 120 |
| 2012 | 318 | 179 | 177 | 162 | 140 | 122 |
| 2013 | 320 | 160 | 188 | 173 | 135 | 130 |
| 2014 | 326 | 167 | 187 | 180 | 146 | 130 |
| 2015 | 327 | 150 | 185 | 178 | 145 | 128 |

194. આપેલા કયા વર્ષમાં એકમ Q નો ફાળો તે વર્ષમાં છ એકમોના કુલ ઉત્પાદનના આશરે 15% જેટલો હતો ?

(A) 2011 (B) 2012

(C) 2014 (D) 2015

195. નીચે પૈકી કયા એકમમાં આપેલા વર્ષોમાં ખાંડના ઉત્પાદનમાં સતત વધારો જોવા મળ્યો ?

(A) Q (B) S

(C) U (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

196. વર્ષ 2013 દરમ્યાન A એકમો દ્વારા થયેલ ઉત્પાદનની સરેરાશ આશરે કેટલી થશે ?

(A) 182 (B) 184

(C) 186 (D) 188

197. એકમ U એ આપેલા વર્ષોમાં કરેલ ઉત્પાદનનો બહુલક કેટલો થશે ?

(A) 122 (B) 128

(C) 130 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

198. $\left(\sqrt{8}\right)^{\frac{1}{3}}$ ની કિંમત કેટલી થશે ?

(A) 2 (B) $\sqrt{2}$

(C) 4 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

199. 12 પરિક્ષકો રોજના 16 કલાક કામ કરી 18 દિવસમાં 24000 ઉત્તરવહીઓ તપાસે છે. તો 24 પરિક્ષકો રોજના 6 કલાક કામ કરી 36 દિવસમાં કેટલી ઉત્તરવહીઓ તપાસશે?

(A) 36000 (B) 42000

(C) 45000 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

200. પાંચ વ્યક્તિઓ M, N, O, P અને Q ની ઉંચાઈ અને વજનની તુલના કરવામાં આવે છે. વજનમાં ચોથા ક્રમનો વ્યક્તિ P સૌથી ઓછી ઉંચાઈ ધરાવે છે. ઉંચાઈમાં M બીજા ક્રમે ઉંચો છે પણ તે Q કરતા નીચો છે. સૌથી વધારે વજનનો વ્યક્તિ ઉંચાઈમાં ત્રીજો ક્રમ ધરાવે છે. N કરતાં માત્ર એક વ્યક્તિની ઉંચાઈ ઓછી છે, જેનું વજન અનુક્રમે Q અને M કરતાં ઓછું છે. તો ઉંચાઈ અને વજનમાં M નું સ્થાન અનુક્રમે કયું હશે ?

(A) પહેલું, ત્રીજું (B) બીજું, ચોથું

(C) બીજું, ત્રીજું (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં